# પોલીસનું વિદ્યાર્થિની સાથે સરાહનીય વર્તન

દસેક દિવસ પહેલાનો ગુરુપૂર્ણિમાનો દિવસ. બપોરના ત્રણ વાગ્યા આસપાસ અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારના પોલીસ ઇન્સ્પેકટર અપૂર્વ પટેલનો ફોન આવ્યો. સર, આજે ગુરુપૂર્ણિમા છે, આપને પગે લાગવા આવવું છે. મેં જવાબ આપ્યો, હું અત્યારે બહાર છું. તું ક્યાં છે ? જવાબ મળ્યો કે, એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં છું. વળતો જવાબ આપ્યો કે, હું તારા પોલીસ સ્ટેશનની નજીકમાં જ છું. હું જ તારા પોલીસ સ્ટેશનમાં આવું છું. પી.આઈ. અપૂર્વનો જવાબ હતો કે, અરે સર ! મારા ધનભાગ્ય. આવો આવો સર. અને હું થોડા સમય પછી પહોંચ્યો એલિસબ્રિજ પોલીસ સ્ટેશન. સ્વાભાવિક છે કે, પી.આઈ. પોતે ખુરશીમાંથી ઉભા થયા. રીતસર પગના અંગૂઠાને અડીને પગે લાગ્યા. ત્યારબાદ અમે ખુરશીમાં ગોઠવાઈ ગયા. ભૂતકાળની વાતો વાગોળવા લાગ્યા.

પંદરવીસ મિનિટ પછી એક કોન્સ્ટેબલ આવે છે, પી.આઈ. પાસે માર્ગદર્શન માંગે છે કે, સાહેબ. એક છોકરીનો મોબાઈલ કોઈ ઝૂંટવીને ભાગી ગયો છે, તે છોકરીએ તેના બાઈકનો નંબર યાદ રાખ્યો છે અને તે છોકરી ફરિયાદ નોધાવવા આવી છે. તો સાહેબ શું કરું ? તરત જ પી.આઈ.એ કહ્યું કે, તે છોકરીને અહી મારી પાસે મોકલો. કોન્સ્ટેબલ બે છોકરીઓને લઈને અંદર આવ્યા. જે છોકરીનો મોબાઈલ ઝૂંટવાયો હતો, તે રડતી હતી, તેની સાથે તેની બહેનપણી પણ હતી. પી.આઈ.એ તે બન્ને છોકરીઓને પોતાની બાજુમાં જ રહેલા સોફા પર બેસાડી. બંને માટે પાણી મંગાવ્યું. તેમને આશ્વાસન આપ્યું. પછી પૂછ્યું કે, તમે બન્ને શું કરો છો ? જવાબ મળ્યો કે, અમે બન્ને ગર્લ્સ પોલિટેકનિકમાં અભ્યાસ કરીએ છીએ. ક્યાં રહો છો ? હોસ્ટેલમાં. ઘટના કેવી રીતે બની ? વગેરે. બન્ને વિદ્યાર્થીની કેટલાક અંશે સ્વસ્થ થઇ ગઈ. પછી પી.આઈ. એ કહ્યું કે, સૌ પ્રથમ તો તમને બન્નેને અભિનંદન કે, તમે ફરિયાદ નોધાવવા પોલીસ સ્ટેશનમાં આવ્યાં. એટલું જ નહી, તમારો મોબાઈલ ગયો છતાં તમે બાઈકનો નંબર જોઇને યાદ રાખ્યો એ માટે વધારે અભિનંદન. જો, બેટા હું તારો મોબાઈલ બે જ દિવસમાં શોધીને પાછો અપાવીશ. તું ચિંતા ના કર. શાંતિથી હોસ્ટેલમાં જાવ અને ચિંતા કર્યા વગર અભ્યાસમાં લાગી જાવ. અને હા... પોલીસ સ્ટેશન તમારા માટે જ છે. સહેજ પણ ગભરાયા સિવાય કોઈપણ મુશ્કેલી હોય તો આવી જવાનું કે નજીકના પોલીસ સ્ટેશને પહોંચી જવાનું. અમે તમારા અંકલ બરાબર છીએ. વગેરે. આ બધા સંવાદ હું સંભાળતો હતો. બન્ને વિદ્યાર્થીની હસતી હસતી ગઈ. પછી ગુરુ તરીકે મેં અપૂર્વને કહ્યું કે, અપૂર્વ તે આ બે વિદ્યાર્થીની સાથે જે વર્તન કર્યું અને જે રીતે પ્રોત્સાહિત કરી તે માટે તને અભિનંદન છે. દોસ્ત, તે આજે ગુરુપૂર્ણિમાને દિવસે મને સાચા અર્થમાં ગુરુદક્ષિણા આપી. ત્યારે અપૂર્વે કહ્યું કે, સર, તમારા આપેલા સંસ્કાર છે, તે બહાર આવે છે. અને બીજું સર કે, આટલી નાની ઉમરની બે વિદ્યાર્થીની કેટલી બધી અપેક્ષા સાથે પોલીસ સ્ટેશનમાં આવી હશે. હવે જો હું તેની સાથે એક અધિકારી તરીકે વર્તન કરું તો તે પ્રોત્સાહિત ના થાય. મારે તેમને પ્રોત્સાહિત કરવી હતી, તે હોસ્ટેલમાં જઈને તેની ઘણી બહેનપણીને આજની વાત કરશે જ. તેના મમ્મી-પપ્પાને પણ કહેશે જ. અને જયારે મારા વર્તનની વાત કરશે ત્યારે એ લોકોના મનમાં પોલીસ માટે આદર ઊભો થશે. આ બે વિદ્યાર્થીની હવે ક્યારેય પોલીસથી નહિ જ ગભરાય. આમ ટીંપે ટીંપે સરોવર ભરાય, તેમ નાની નાની બાબતોને પણ ગંભીરતાથી લઉં છું. જેથી લોકોના મનમાં પોલીસની જે કેટલાક અંશે ખરાબ છાપ છે તે સુધારવાનો પ્રયત્ન કરું છું. આજે લોકો પોલીસને શંકાની નજરે જૂએ છે. પોલીસ માટે જે માન હોવું જોઈએ તે નથી. તેમાં અમારા પક્ષે પણ ક્યાંક દોષ છે

જ. હકીકતમાં પોલીસ અને પબ્લિક બન્ને એકબીજા સાથે મિત્રની જેમ વર્તે તો બન્ને પક્ષે ઘણા ફાયદા છે. લોકોના મનમાં અમારા માટે વિશ્વાસ બેસે તેવું વર્તન અમારે જ કરવું પડશે. ત્યારે મેં પૂછ્યું કે, તું જે વિચારે છે તે સાચું જ છે, પણ આવા વિચારો અન્ય બધી જ પોલીસ કરે તો સો ટકા પોલીસની છાપ સુધરે જ. આજે અમે દરરોજ સમાચાર પત્રોમાં પોલીસના નકારાત્મક વર્તનના અનેક કિસ્સા વાંચીએ જ છીએ. પોલીસે લોકો સાથેના વર્તનવ્યવહાર વખતે મનોવિજ્ઞાનનો ઉપયોગ કરવો જોઈએ. ત્યારે પી.આઈ. અપૂર્વે કહ્યું કે, સર, મેં બી.એડ. કરેલું છે અને તમે મને મનોવિજ્ઞાન ભણાવ્યું હતું, જે મને પોલીસની નોકરીમાં ખૂબ જ ઉપયોગી થાય છે. આ રીતે જોતા પોલીસની તાલીમ દરમિયાન મનોવિજ્ઞાન પર પણ ભાર મૂકવો કોઈએ. આજે બી.એડ. કર્યા પછી, શિક્ષકની નોકરી નહિ સ્વીકારીને પોલીસ બનનાર અનેક વ્યક્તિ છે, જેઓ કદાચ વધુ સફળ પોલીસ બનશે.

આવો બીજો અનુભવ વડોદરામાં રથયાત્રાના દિવસે થયો. તે દિવસે હું રાવપુરા પોલીસ સ્ટેશનની હદમાં હતો. પોલીસના માર્ગદર્શનની જરૂર પડી. પોલીસ સ્ટેશનમાં ફોન કર્યો. તરત જ પી.આઈ. જોગલભાઈએ રૂબરૂ મળવાનું કહ્યું. હું પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો. મુલાકાત થઇ. ખુબ જ સારો પ્રતિભાવ મળ્યો.વાતચીતમાં મેં જણાવ્યું કે, પ્રોફેસર છું. તો તરત જ પી.આઈ.એ સ્ટાફકર્મીને બોલાવ્યો અને કહ્યું કે સાહેબ માટે લીંબુસોડા લઇ આવો. મેં કહ્યું કે ના..ના..શા માટે? ત્યારે પી.આઈ. જોગલભાઈનો જવાબ સ્પર્શી ગયો. કે સાહેબ, આજે રથયાત્રા છે, આજના પવિત્ર દિવસે મારા પોલીસ સ્ટેશનમાં એક પવિત્ર વ્યવસાય કરતા પ્રોફેસર આવ્યા છે એનું સ્વાગત કરવું મારી ફરજ છે. સાહેબ, અમારા વર્તનને તમે જ વર્ગખંડ સુધી લઇ જશો. તમે જે કહેશો તે લોકો માનશે. અમારું કહ્યું કદાચ કોઈ નાં પણ માને. અમે પોલીસ સારા માણસ સાથે સારા છીએ અને ગુંડા બદમાશ માણસો માટે ખરાબ છીએ. આમ અમારો કોઈ જ પરિચય નહિ છતાં એક વ્યવસાયના કારણે પોલીસ જયારે હકારાત્મક વર્તન કરે છે ત્યારે મનોમન આવા પોલીસ અધિકારીને વંદન કરવા જ પડે.

આવા ઘણા નિષ્ઠાવાન પોલીસ અધિકારીઓ છે જ. ત્યારે કહેવાનું મન થાય કે, ભાઈઓ. તમારા જેવા નિષ્ઠાવાન વ્યક્તિને કારણે જ પોલીસની છાપ હજુ તળીયે ગઈ નથી. તમે જ પોલીસ માટે આશાનું કિરણ છો. તમારા જેવા નિષ્ઠાવાન અધિકારીઓ જેમ પબ્લિકને પ્રોત્સાહિત કરે છે તેમ અમારી પણ ફરજ છે કે અમે પણ તમારા હકારાત્મક વર્તનની નોધ લઈને તમને પ્રોત્સાહિત કરીએ. સાથે તમારું જોઇને અન્ય પોલીસકર્મી પણ કશુક શીખે તે માટે તો અમારે તમારી વાતો લોકો સુધી પહોંચાડવા લખવું પડે છે.

આજ કોલમમાં કેટલાક સમય પહેલાં લખાયું હતું કે, આપણા દેશમાં કાયદાને લગતી જે સમસ્યાઓ ઉભી થાય છે તેના મુખ્ય બે કારણો છે. એક તો લોકોને કાયદા માટે માન નથી અને બીજું લોકોને પોલીસની કાર્યવાહીનો ડર નથી. આ રીતે જોતાં સમાજમાંથી ગૂના ઓછા કરવા હશે તો ઉપરોક્ત બાબતને ધ્યાને લેતા પ્રજા અને પોલીસ બન્નેએ પોતાની માનસિકતામાં પરિવર્તન લાવવું પડશે. માનસ બદલાશે તો વર્તન આપો આપ બદલાશે. એકે સુધારવાની શરૂઆત કરશે તો બીજો પણ કરશે જ.

અંતે, પોલીસ અધિકારીઓને વિનંતી કે, તેઓ અનુકુળતાએ મહિનામાં એક દિવસ કોઈ એક શાળા-કોલેજની મુલાકાત લે. વિદ્યાર્થીઓના મનમાંથી પોલીસનો ભય કે શંકા દૂર કરાવે. આવો પ્રયોગ શશીકાંત એસ.ત્રિવેદી જયારે ખેડામાં ડી.એસ.પી. હતા ત્યારે કરેલો. જેને પોલીસે સમગ્ર રાજ્યમાં અજમાવવા જેવો છે.